# ૭ મે –૨૦૧૬ (શનિવાર)

**(૧) રવિન્દ્રનાથ ટાગોર :**

– આજે રવિન્દ્રનાથ ટાગોરની ૧૫૫મી જન્મજયંતિ છે.
– તેમનો જન્મ ૭ મે ૧૮૬૧ ના રોજ કોલકત્તામાં બંગાળી પરીવારમાં થયો હતો.
– તેમને ૧૯૧૩માં ગીતાંજલી કાવ્યરચના માટે નોબેલપારિતોષીકથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– નોબેલ દ્વારા સન્માનીત થયેલ તેઓ એશિયાના પ્રથમ વ્યક્તિ હતા.
– ભારતનું રાષ્ટ્રગાન પણ તેમણે જે લખ્યુ હતું. તે ઉપરાંત બાંગ્લાદેશનું રાષ્ટ્રગીત પણ તેમણે જ લખ્યું હતું.
– તેમણે માત્ર ૮ વર્ષની ઉમરે પહેલી કવિતા લખી હતી.

**(૨) દિવાળીબેન ભીલ–લોકગાયિકા :**

– પ્રતિભાવંત માતાઓના સન્માન સમારોહ અંતર્ગત મુંબઇની હિરા–માણેક સંસ્થા દ્વારા લોકગાયિકા દિવાળીબેન ભીલનું અનેરૂ સન્માન કરવામાં આવ્યું.
– સંસ્થાના કાર્યકરો દ્વારા જૂનાગઢ ખાતે તેમના નિવાસસ્થાને જઇ દુધથી પગ ધોયા બાદ સોનેરી ગુલાર રૂા. ૨ હજારની રાશી, શ્રીફળ, તિરંગો અને શાલ તથા સન્માનપત્ર અર્પણ કરીને સન્માન કર્યું હતું.
– જૂનાગઢના આ કોકીલકંઠી લોકગાયિકાને ભારત સરકારે ૧૯૯૦માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કર્યા હતા.

**(૩) પ્રણવ પંડ્યા :**

– તાજેતરમાં રાજ્ય સભામાં નોમીનેટ કરાયેલ વૈશ્વિક ગાયત્રી પરીવારના વડા પ્રણવ પંડ્યાએ રાજ્યસભાનું સાંસદપદ સ્વિકારવાનો ઇનકાર કર્યો.
– તેમણે રાજ્યસભા બહાર લોકોમાં 'વસુધૈવ કુટુંબકમને સિદ્ધાંત સમજાવી શકાય અને લોકસેવા કરવા આ નિર્ણય લીધો.

પ્રશ્નો :

(૧) રવિન્દ્રનાથ ટાગોરને જન્મ ક્યારે અને ક્યાં થયો હતો ?
– ૭ મે, ૧૮૬૧ – કલકત્તા
(૨) નોબેલ દ્વારા સન્માનિત થયેલ પ્રથમ એશિયન વ્યક્તિ
– રવિન્દ્રનાથ ટાગોર
(૩) ટાગોરને તેમને કઇ કાવ્યરચના બદલ નોબેલથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
– ગિતાંજલી
(૪) બાંગ્લાદેશના રાષ્ટ્રગીતના રચયીતા ?
– રવિન્દ્રનાથ ટાગોર
(૫) તાજેતરમાં મુંબઇની એક સંસ્થા દ્વારા ગુજરાતના ક્યાં લોકગાયિકાનું સન્માન કરાયું ?
– દિવાળીબેન ભીલ
(૬) ભારત સરકાર દ્વારા કયાં વર્ષમાં દિવાળીબેન ભીલને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા ?
– ૧૯૯૦
(૭) વૈશ્વિક ગાયત્રી પરિવારના વડા.... ?
– પ્રણવ પંડ્યા

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧